Gujarat Law Society's

# H.A. College of Commerce

# Activities

## at a glance

## 2016-2017

| S. No | Month | Date | Activities and Events |
|---|---|---|---|
| 1 | MAY | 31-05-2016 | World No-Tobacco Day |
| 2 | JUNE | 20-06-2016 | 60th Birthday Celebration |
| 3 | | 21-06-2016 | Celebration of International Yoga Day |
| 4 | JULY | 07-07-2016 | Orientation Programme |
| 5 | | 07-07-2016 | Home Minister Releases Book |
| 6 | | 12&13-07-2016 | Academic and Administrative Audit (AAA) Peer Team visits HACC |
| 7 | | 19-7-2016 | Celebrating Guru Purnima |
| 8 | | 29-30-07-2016 | National Assessment and Accreditation Council (NAAC) Peer Team visits HACC |
| 9 | AUGUST | 09-08-2016 | Blood Donation Camp |
| 10 | SEPTEMBER | 01-09-2016 | HACC Hosts NJCU Representative Dr. Tamara Cunningham, Vice-President, New Jersey City University |
| 11 | | 02-09-2016 | Teachers' Day Celebration |
| 12 | | 28-09-2016 | Slogan-writing Competition |

| S. No | Month | Date | Activities and Events |
|---|---|---|---|
| 13 | DECEMBER | 27-12-2016 | Seminar: “How to apply for a passport” |
| 14 | | 28-12-2016 | HACC Culfest: Signature Day |
| 15 | | 29-12-2016 | HACC Culfest: Group & Refreshment Day |
| 20 | | 30-12-2016 | HACC Culfest: Back to School Day |
| 21 | | 30-12-2016 | Celebration of the 129$^{th}$ Birth Anniversary of K.M. Munshi |
| 22 | | 31-12-2016 | HACC Culfest: Traditional Day |
| 23 | JANUARY | 06-01-2017 | Seminar on Traffic Awareness |
| 24 | | 9,10-01-2017 | Social Outreach: Spreading Awareness of Traffic Rules |
| 25 | | 12-01-2017 | Celebration of Swami Vivekanand’s Birth Anniversary |
| 26 | | 17-01-2017 | Workshop on Digital India |
| 27 | | 19-01-2017 | Guest Lecture: Mind Power through Vedic Mathematics |
| 28 | | 24-01-2017 | Job Placement : Tata Consultancy Services |
| 29 | | 26-01-2017 | Republic Day Celebration |

| S. No | Month | Date | Activities and Events |
|---|---|---|---|
| 30 | FEBRUARY | 01-02-2017 | Guest Lecture: The Impact Of Gandhian Principles In Today's Era |
| 31 | | 02-02-2017 | Workshop: Training for UPSC Examination |
| 32 | | 14-02-2017 | Tripartite Meeting between HACC, NJCU and Mr. Chirag Patel, Donor and Alumnus |
| 33 | | 21-02-2017 | Celebration of "Matrubhasha Divas" |
| 34 | | 23-02-2017 | HA Elocution Trophy Competition& ICICI Placement |
| 35 | | 27-02-2017 | Swachhta App Installation Programme |
| 36 | | 28-02-2017 | Celebration of Ahmedabad Foundation Day |
| 37 | MARCH | 16-03-2017 | Training Programme on Civil Defence |
| 38 | | 20-03-2017 | Seminar: Goods & Service Tax |
| 39 | | 27-03-2017 | Job Placement: Numero UNO Consultancy |
| 40 | | 30-03-2017 | Job Placement: QX Pvt. Ltd. |






**31 May 2016**






## WORLD NO TOBACCO DAY:

HACC celebrated World No-Tobacco Day on 31st May 2016. Dr. Bhavesh Parekh, a well known cancer specialist addressed the students regarding the negative effects of tobacco. Prin. Dr. Sanjay Vakil along with the students took a special 'Anti Tobacco' pledge in the programme.




**city life** | THURSDAY 02 JUNE 2016

## એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં વર્લ્ડ નો ટોબેકો ડે ની ઉજવણી



અમદાવાદ : ૦૧ જુન ૨૦૧૬

ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ. એ. કોલેજ ઓફ કોમેર્સમાં વર્લ્ડ નો ટોબેકો ડે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં અમદાવાદના જાણીતા કેન્સર સર્જન ડૉ. ભાવેશ પારેખે તમાકુથી થતા રોગો વિશે સ્ટુડન્ટ્સને ઈન્ફોર્મેશન આપી હતી. તેમણે જણાવ્યું કે, વ્યસનથી માત્ર કેન્સર થાય એવુ નથી, ઘણા પ્રકારના રોગ થઈ શકે છે. કોલેજના પ્રિન્સિપાલ ડૉ.સંજય વકીલે જણાવ્યું કે, ભારત દેશની કુલ વસ્તીના ૬૫% યુવાનો છે. આજનુ યુવાધન તમાકુના સેવન થી આકર્ષાયા છે. યુવાધનને બચાવવુ હોય તો તમાકુના વેચાણ પર પ્રતિબંધ લાદવો જોઈએ' આ પ્રોગ્રામના અંતમાં તમાકુનું સેવન નહી કરું અને કુંટુંબના સભ્યો કરવા દઈશ પણ નહી તેવી પ્રતિજ્ઞા સ્ટુડન્ટ્સ પાસેથી લેવડાવી હતી.



**નવગુજરાત સમય**





## ટોબેકોથી દૂર રહેવાના શપથ



એચ. એ કોલેજ ઓફ કોમર્સમાં વર્લ્ડ નો ટોબેકો નિમિત્તે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં કેન્સર સર્જન ડો. ભાવેશ પારેખે કોલેજના વિદ્યાર્થીઓને તમાકુથી થતા રોગો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કોલેજના આચાર્ય ડો. સંજય વકીલે જણાવ્યું હતું કે આજનો યુવાન તમાકુના સેવન કરવા જલ્દી આકર્ષાઇ જાય છે. યુવાધનને બચાવવું હોય તો દેશમાં તમાકુના વેચાણ ઉપર પ્રતિબંધ લાદવો જોઇએ. કાર્યક્રમના અંતે બધાજ વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા કે હું ક્યારેય તમાકુનું સેવન નહીં કરું.

**ગુજરાત સમાચાર plus**

## તમાકુના સેવનથી શરીર રચનાને પણ નુકસાન



ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં તા ૩૧મી મેના રોજ વર્લ્ડ નો ટોબેકો ડે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. સાથે સાથે એચ.કે આર્ટસ કોલેજના ઓડિટોરીયમ હોલમાં પણ આ કાર્યક્રમની ઉજવણી થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ અંગે માહિતી આપતા એચ.એ. કોલેજના પ્રિન્સિપાલ કહે છે કે અમારી કોલેજના કાર્યક્રમમાં અમદાવાદમાં જાણીતા કેન્સર એક ડોક્ટરે કોલેજના વિદ્યાર્થીઓને તમાકુથી થતા રોગો વીશે વિસ્તૃત માહિતી આપી હતી. ડોક્ટરે માહિતી આપતા કહ્યું કે તમાકુના સેવન કરવાથી માત્ર કેન્સર જ થાય એવું નથી પરંતુ તમારી શરીર રચનાને નુકસાન કરે છે. તમાકુના સેવનથી હૃદય રોગ, પાચન શક્તીમાં ઘટાડો, યાદ શક્તીમાં ઘટાડો, શરીરની નબળાઈ, આંખોના રોગો તથા ઘણા પ્રકારની વિકૃતી પણ આવી શકે છે.

**એચ.એ. કોલેજ ઓફ કોમર્સ અને એચ.કે. આર્ટસ કોલેજ ખાતે વર્લ્ડ નો ટોબેકો ડેની ઉજવણી કરાઇ**

વધુ માહિતી આપતા કોલેજના આચાર્ય ડૉ. સંજય વકીલ કહે છે કે આજનો યુવાન તમાકુના સેવન કરવા જલ્દી આકર્ષી જાય છે અને સેવનમાંને સેવનમાં પોતાના શરીરને ખરાબ કરી નાંખે છે. આજે ભારત દેશમાં કુલ વસ્તીના ૬૫% યુવાનો છે. જેથી આ દેશમાં તમાકુના વેચાણ ઉપર પ્રતિબંધ લાદવો જોઈએ. કાર્યક્રમના અંતે બધાજ વિદ્યાર્થીઓને શપથ લેવડાવ્યા હતા કે હું કદાપી તમાકુનું સેવન કરીશ નહી તથા મારા કુટુંબના સભ્યોને પણ કરવા દઈશ નહી.




**20 June 2016**

## 61ST BIRTHDAY CELEBRATION

The college celebrated its 61st Establishment day on 20th June 2016. The students and the faculties celebrated it by cutting a cake and spreading the happiness of the college completing 60 years of establishment.

**21 June 2016**










એચ. એ. કોલેજમાં થઇ વિશ્વ યોગ દિવસની ઉજવણી

અમદાવાદ : યોગ દિવસની ઉજવણીમાં જ્યારે આખું વિશ્વ જોડાય છે ત્યારે ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સ કોલેજના સ્ટુડન્ટ્સ માટે પણ ખાસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. એલ.એ. શાહ લૉ કોલેજ, આઈ.એમ. નાણાવટી લૉ કોલેજ તથા જી.એલ.એસ. લૉ કોલેજ આ પ્રોગ્રામમાં જોડાઈ હતી. આ કાર્યક્રમમાં યોગ એક્સપર્ટ પ્રો.ડૉ.વિરલ રાવલે યોગ દ્વારા થતા ફાયદા અને ઉપચાર વિશે સ્ટુડન્ટ્સને માહિતી આપી હતી. એચ.એ. કોલેજના પ્રિન્સિપાલ ડૉ.સંજય વકીલે ફાસ્ટલાઈફના કારણે બદલાયેલી જીવન જીવવાની રીત વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે,' ૨૧મી સદીમાં સૌથી વધુ ચિંતા કરવા જેવો વિષય જો કોઈ હોય તો તે લોકોની માનસિક પરિસ્થિતિ કે જે સમતોલ નથી. જેનું કારણ છે વધુ પડતી અપેક્ષા, ગળાકાપ હરીફાઈ, એક બીજાની દેખા દેખી વગેરે જો આ તમામ પરિસ્થિતિથી બચવું હોય તો નિયમિત યોગ અને કસરત કરવી જોઈએ, તથા યોગથી જ વ્યક્તિ તથા સમાજ તંદુરસ્ત રહે છે.' પ્રિ. ડૉ.મહેતા, પ્રિ.ડૉ.પાઠક તથા પ્રા.ડૉ. મયુરીબહેન પંડ્યા તથા કોલેજના સ્ટુડન્ટ્સ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એચ.એ. કોલેજ દ્વારા વિશ્વયોગદિનની ઉજવણી કોલેજ કેમ્પસમાં યોગના વિવિધ આસનો કરીને કરવામાં આવી હતી.

## INTERNATIONAL YOGA DAY CELEBRATION:

HACC celebrated the International Yoga Day on 21st June 2016. Dr. Viral Raval, a yoga expert and faculty at Lakulesh Yoga University, was invited to talk to the audience about Yoga and to give a practical training and demonstration of different yoga techniques and aasanas. About 100 students participated in this event together with the principal, faculty members and staff.

# Yoga Day

**21 June 2016**



સિટીબીટ Ahmedabad Times

નવગુજરાત સમય | અમદાવાદ | બુધવાર, 22 જૂન, 2016




ગુજરાત સમાચાર plus

Wednesday, 22 June 2016



એચ.એ.કોલેજમાં વિદ્યાર્થીઓ અને કર્મચારી યોગમાં જોડાયા



**7 July 2016**








## ORIENTATION PROGRAMME:

The college arranged an Orientation Programme to introduce the academic and the non-academic structure at the college. They were introduced to the faculties, the examination structure and syllabus, and the different activities of the college during the academic year.

# 7 July 2016








ભારતમાં કોમર્સનું મહત્વ સમજાવતુ સંશોધન પત્ર તૈયાર થયું









## HOME MINISTER RELEASES BOOK:

On the occasion of the Orientation Programme for Semester 1, the Hon. Minister of State for Home, Gujarat, Shri Rajni Patel, gave his gracious presence at the college. Together with Dr. Bhalchandra Joshi, Registrar, GLS, the Hon. Minister released a book of the conference proceedings of the papers presented at the national level conference held in January this year by the college. The book, titled ***The Status of Commerce Education in India*** contains 37 papers written by the nation-wide participants.

# Book Release

**7 July 2016**

cityભાસ્કર
AHMEDABAD, FRIDAY, 08/07/2016

## ઉદ્યોગોની માગ મુજબ શિક્ષણ અપાતું નથી : ગૃહમંત્રી

### એચ.એ. કૉલેજ ખાતે 'ધ સ્ટેસ્ટિક કોમર્સ એજ્યુકેશન ઈન ઈન્ડિયા' જર્નલનું વિમોચન

સિટી રિપોર્ટર

ટેક્નોલોજીનો વિકાસ થતા ભારતમાં ઈ-કોમર્સ બિઝનેસનો વ્યાપ વધ્યો છે. તે જોતા આવનારા સમયમાં કોમર્સના વિદ્યાર્થીઓની માંગ વધશે. કોમર્સના વિદ્યાર્થીઓને કોમર્સનું પાયાનું જ્ઞાન મળે તે માટે એચ.એ. કોલેજ દ્વારા 'ધ સ્ટેટિક કોમર્સ એજ્યુકેશન ઈન ઈન્ડિયા' વિષય પરના જર્નલનો વિમોચન કાર્યક્રમ યોજાયો હતો.

આ સેમિનારમાં ગુજરાતના ગૃહમંત્રી રજની પટેલે ખાસ હાજરી આપી જર્નલનું વિમોચન કર્યું હતું. આ પુસ્તક માટે 100 જેટલા રિસર્ચ પેપર સબમિટ થયા હતા. જેમાંથી સારી કક્ષાના 40 રિસર્ચ પેપરનું સંકલન કરી તેને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરાયું હતું.

રજની પટેલે જણાવ્યું કે, 'ભારતમાં અને ગુજરાતમાં ટેકનિકલ એજ્યુકેશન ઉદ્યોગોની જરૂરિયાત મુજબનું આપવામાં આવતું નથી. આપણી શિક્ષણપ્રણાલીમાં ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર છે. જે આવનારા સમયની વિદ્યાર્થીઓની ડિમાન્ડ હશે.'

એચ. એ. કોલેજના પ્રિન્સિપાલ સંજય વકીલે કહ્યું કે, 'વર્ષો પહેલા ફક્ત પુસ્તકોને આધારે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવતું હતું. પરંતુ હવે પુસ્તકિયા જ્ઞાન આધારિત ભણાવવાની જૂની પદ્ધતિમાં ફેરફાર કરી ટેક્નોલોજીનો ઉપયોગ વધારવો પડશે.'








FRIDAY
08 JULY 2016
citylife

## એચ.એ. કોલેજમાં ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો










**12 & 13 July 2016**

## AAA PEER TEAM VISIT:

HACC was graded with an A grade by the Peer Team from the Academic and Administrative audit (AAA) of the Knowledge Consortium of Gujarat (KCG). The team comprised of Dr. R.L Godara, Vice -chancellor of Hemchandracharya North Gujarat University, Patan, Dr. Sushil Dharmani, Principal, Tolani Arts and Science College, Udaipur, and Dr. A.M. Pancholi, Retired Principal, Navjivan Science College, Dahod, visited the college on 12-13 July 2016 and inspected all the aspects of the institute, including the library, the administrative office and the building premises. All these aspects together with the united team efforts of the Principal, the Co-ordinator and the Steering committee, the Staff and students of the college brought the Peer Team to mark it with a 3.03 CGPA and confer HACC with an A Grade.

# AAA Peer Team Visit

**12 &13 July 2016**





















# Cultural Programme during the AAA Peer Team Visit

**12 &13 July 2016**












# AAA PEER TEAM VISIT

**12 &13 July 2016**

ગુજરાત સમાચાર **plus**
Wednesday, 13 July 2016

## કોલેજનું શિક્ષણ અને ડેવલપમેન્ટનું સ્તર માપવા માટે મૂલ્યાંકન જરૂરી છે

**ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના કે.સી.જી. દ્વારા ગુજરાતની ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજોનું સમગ્ર મૂલ્યાંકન કરતી ટીમ એચ.એ. કોમર્સ કોલેજમાં આવશે.**

**city life** SATURDAY 16 JULY 2016

## એચ.એ. કોલેજને AAAના પરીક્ષણમાં 'A' ગ્રેડ પ્રાપ્ત થયો



અમદાવાદ : ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની કોલેજમાં એકેડમિક એન્ડ એડમિનિસ્ટ્રેટિવ ઓડિટ કરાવાનું હોય છે. આ ઓડિટ રાજ્યની નોલેજ કોન્સોર્સીયમ ઓફ ગુજરાતને AAA કરાવવાની જવાબદારી છે. આ પરિક્ષણમાં કોલેજના રિઝલ્ટ, પ્રોફેસરોનું રિસર્ચ, સ્ટુડન્ટસને અપાતી સવલતો, સામાજીક તથા સેવાકીય પ્રવૃતિઓ, પ્રિન્સિપાલની લીડર શીપ, સેમિનાર તથા કોન્ફરન્સમાં રજૂ થયા પેપર્સ વગેરે બાબતો ધ્યાનમાં લેવાય છે. આ પરિક્ષણ કમિટીમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ આર.એલ.ગોદારા, આદીપુર આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ અરવિંદ પંચોલી હતા. સતત બે દિવસના પરીક્ષણ બાદ એચ.એ કોલેજને ૩.૦૩ સી.જી.પી.એ સાથે એ ગ્રેડ પ્રાપ્ત થયો છે. કોલેજના પ્રિન્સિપાલ ડો.સંજય વકીલે જણાવ્યું હતું કે, A ગ્રેડ પ્રાપ્ત થવાથી ઘણો ઉત્સાહ મળ્યો છે. આ પ્રક્રિયામાં સ્ટુડન્ટસ, પ્રોફેસરો, એક્સ સ્ટુડન્ટસ, મેનેજમેન્ટ તથા પ્રિન્સિપાલે ઘણી જહેમત લીધી હતી.

**city ભાસ્કર**

## એચ.એ કોલેજને AAA દ્વારા એ ગ્રેડ

સિટી રિપોર્ટર @ahm_cb

ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની કોલેજોમાં એકેડેમીક એન્ડ એડમિનિસ્ટ્રેટિવ ઓડિટ(એએએ) કરાવવાનું હોય છે. આ પરિક્ષણ કમિટીએ પરિક્ષણ બાદ એચ.એ કૉલેજને ૩.૦૩ સી.જી.પી.એ સાથે 'એ' ગ્રેડ પ્રાપ્ત થયો છે. કોલેજના આચાર્ય ડૉ.સંજય વકીલે 'એ' ગ્રેડનો શ્રેય સ્ટુડન્ટ્સને આપ્યો હતો.

**રવિવારસમય**
સન્ડે નવગુજરાત સમય | અમદાવાદ | રવિવાર | ૧૦ જુલાઈ, ૨૦

## એચ.એ. કોમર્સ કોલેજને ટ્રિપલ એ ઓડિટમાં એ ગ્રેડ

**અમદાવાદ:** ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની જુદી જુદી કોલેજોનું એકેડેમિક એન્ડ એડમિનિસ્ટ્રેટી ઓડિટ કરવાની ટ્રિપલ એનું સર્ટિફિકેટ લેવું ફરજિયાત છે. તાજેતરમાં અમદાવાદની એચ.એ.કોલેજમાં આ પ્રકારનું ઓડિટ હાથ ધરાયું હતું. જેમાં એચ.એ. કોમર્સ કોલેજને 3.03 સી.જી.પી.એ. સાથે એ ગ્રેડ એનાયત કરાયો હતો. આ ઓડિટમાં કોલેજનું પરિણામ, અધ્યાપકોનું સંશોધન કાર્ય, વિદ્યાર્થીઓને અપાતી સવલતો, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ, સેમિનાર વગેરે ધ્યાનમાં લેવાય છે.




**19 July 2016**





## CELEBRATION OF GURU PURNIMA

The college celebrated Guru Purnima on 19 July 2016 by honouring and respecting the principal and the faculty members. The students garlanded their gurus and bowed down to them, paying their respects to the teachers.

**19 July 2016**











પહેલાં ગૂડ ન્યૂઝ

**એચએ કોમર્સમાં વિદ્યાર્થીઓને આર્થિક સહાય માટે MoU કરાયા**

અમદાવાદ | ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ.એ. કોમર્સ કોલેજના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને મદદ કરવાના હેતુથી એમઓયુ કરાયા છે. કોલેજના પૂર્વ વિદ્યાર્થી ચિરાગ પટેલ દ્વારા સ્થાપિત નિશ્વાર્થ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરાયેલા આ એમઓયુમાં કોલેજમાં બી.કોમ કરેલા વિદ્યાર્થીઓ દેશમાં કોઈપણ શહેરમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ કે અન્ય ઉચ્ચ શિક્ષણ લેવા માટે પ્રવેશ મેળવે તો તેની ટ્યૂશન ફી ટ્રસ્ટ દ્વારા અપાશે. આ ઉપરાંત પ્રાપ્ત અનુદાનની રકમની મદદથી વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરાશે. કોલેજના પ્રિન્સિપાલ ડો. સંજય વકીલે કહ્યું હતું કે, કોલેજમાં ભણેલા પૂર્વ વિદ્યાર્થીઓ માટે પોતાની માતૃસંસ્થાનું ઋણ અદા કરવાના આ એક શ્રેષ્ઠ રસ્તો છે. રાજ્યના એડીશનલ ચીફ કમિશનર ઓફ ઈન્કમટેક્સ અને કોલેજના પૂર્વ વિદ્યાર્થી સમીર વકીલ ઉપસ્થિત રહ્યા હતા.

## MOU FOR NISWARTH AND DOSHI SCHOLARSHIP:

Together with the celebration of Guru Purnima, the college also formalized two MoU's for the benefit of the students. One MoU was with Niswarth Children Foundation wherein selected students will be given funding for post-graduate studies. The other MoU, titled Doshi Scholarships for Rs. 1,00,000 was with Shri Sandeep Doshi for prizes to the top ten students of 6 semesters of B.Com. and 4 semesters of M.Com.

**23 July 2016**





Sandesh city life

## એચ.એ. કોલેજમાં સર્ટિફિકેટ કોર્સનો પ્રારંભ

અમદાવાદ : સિટીની એચ.એ.કોલેજ ઓફ કોમર્સ ખાતે એકાઉન્ટસી, ટેક્ષેશન અને ફાઈનાન્સ કોર્ષનું ઉદઘાટન થયું હતું. આ કોર્સમાં કંપનીની પોલીસી, ઈન્વેસ્ટમેન્ટ, પ્લાનિંગ, ટેક્સને લગતી વિવિધ માહિતીનો સમાવેશ કરાયો છે. આ કોર્ષ ચલાવવા માટે કોલેજના પૂર્વ વિદ્યાર્થી ચિરાગ પટેલના નિઃસ્વાર્થ ચિલ્ડ્રન ફાઉન્ડેશન દ્વારા ૨લાખની સહાય આપવામાં આવી છે.



ઈવેન્ટમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો.એમ.એન.પટેલ, જી.એલ.એસ યુનિવર્સિટીના કુલપતિ ડો.ભાલચંદ્ર જોષી તથા એક્સપર્ટ રાજીવ ભટ્ટ હાજર રહ્યાં હતાં. કોલેજના પ્રિન્સિપાલ ડો. સંજય વકીલે જણાવ્યું હતું કે, યુનિવર્સિટીએ અભ્યાસક્રમમાં બદલાવ લાવવો જોઈએ.

દિવ્ય ભાસ્કર

## શિક્ષણ | HA કોમર્સ કોલેજમાં આજથી નવા ત્રણ કોર્સ શરૂ થશે

અમદાવાદ | એચ.એ.કોલેજ ઓફ કોમેર્સમાં એકાઉન્ટસી, ટેક્સેશન તથા ફાઈનાન્સ કોર્સનું ઉદઘાટન શનિવારે સવારે 10 કલાક ઓડીટોરીયમ ખાતે યોજાશે. આ કોર્સ ચલાવવા માટે કોલેજનાં પૂર્વ વિદ્યાર્થી ચિરાગ પટેલના નિસ્વાર્થ ચિલ્ડ્રન ફાઉન્ડેશન દ્વારા રૂ.2 લાખની સહાય કોલેજને મળી છે. કોલેજના 100 વિદ્યાર્થીઓને આ લાભ મળે એ રીતે આયોજન કરાયું છે. આ ઉદઘાટન સમારોહમાં મુખ્ય મેહમાન તરીકે ગુજરાત યુનિવર્સીટીના કુલપતી શ્રી ડૉ. એમ.એન.પટેલ, અતિથી વિશેષ તરીકે પધારશે. જી.એલ.એસ યુનિવર્સીટીના કુલપતી શ્રી ડૉ. ભાલચંદ્ર જોષી તથા મુખ્ય વક્તા તરીકે જાણીતા તજજ્ઞ શ્રી રાજીવ ભટ્ટ ઉપસ્થિત રહેશે.

## INAUGURATION OF THE NISWARTH ACCOUNTANCY, TAXATION & FINANCE COURSE:

HACC inaugurated a self-initiated course on Accountancy, Taxation and Finance for the students to equip them for a professional career in Commerce. This course, conducted last year on a small scale, has been enhanced this year by a generous donation of Rs. 2 Lakhs from Mr. Chirag Patel through the Niswarth Children Foundation. The course was inaugurated by Dr. M.N. Patel, Vice-chancellor, Gujarat University, in the presence of Dr. B.H. Joshi, Registrar, Gujarat Law Society and Provost, GLS University. The Keynote Speaker for the inaugural lecture was Shri Rajiv Bhatt.




23 July 2016

## CELEBRATING TREE PLANTATION DAY:

The college conducted a tree plantation drive to mark Kargil Day on 26 July 2016. The NSS unit of the college conducted this drive and planted trees together with the Principal and staff members. Each tree will be looked after by the students of the NSS unit. This drive was to create an environment consciousness in the students.









city ભાસ્કર

WEDNESDAY, 27.07.2016



એચ.એ. કોલેજ

ડૉ.સંજય વકીલે કહ્યું, 'છોડમાં રણછોડ હોવાથી પર્યાવરણને બચાવવું એ આપણી જવાબદારી છે.' એસ.એચ. ખારાવાલા સ્કૂલના પ્રિન્સીપાલ પારૂલ ઉપાધ્યાયે કહ્યું, 'બાળકોએ વૃક્ષો વાવીને પોતે લગાવેલા વૃક્ષનું જતન કરવાના શપથ લીધા.'

વૃક્ષોનો ઉછેર અને જતન, સામાજિક જવાબદારી

# કોલેજમાં વૃક્ષોને અપાયા વિદ્યાર્થીઓના નામ



એસ.એચ. ખારાવાલા સ્કૂલ

સિટી રિપોર્ટર @ahm_cb

દિવ્ય ભાસ્કરના 'એક વૃક્ષ, એક જીવન' અભિયાનમાં શહેરની અનેક શૈક્ષણિક સંસ્થાઓ જોડાઈ રહી છે. મંગળવારે નવરંગપુરાની એસ.એચ. ખારાવાલા, એ.જી. એન્ડ એલ.ડી પ્રાઈમરી સ્કૂલમાં 100 અને એચ.એ. કોલેજમાં 10 વૃક્ષો વાવવામાં આવ્યાં. ખારાવાલા સ્કૂલમાં ગાયત્રી પરિવાર, નારણપુરા, પ્રિન્સીપાલ પારૂલ ઉપાધ્યાય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા અને શ્રી સોસાયટી સંચાલિત એચ.એ. કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. શિબિરાર્થીઓ, પ્રિન્સીપાલ ડૉ. સંજય વકીલ દ્વારા વૃક્ષારોપણ કરાયું. કોલેજમાં વૃક્ષ રોપનારા વિદ્યાર્થીનું નામ જે તે છોડને આપવામાં આવ્યું છે. એ વૃક્ષને ઉછેરવાની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. કોલેજના પ્રિન્સીપાલ



એચ.એ. કોલેજ

ડૉ.સંજય વકીલે કહ્યું, 'છોડમાં રણછોડ હોવાથી પર્યાવરણને બચાવવું એ આપણી જવાબદારી છે.' એસ.એચ. ખારાવાલા સ્કૂલના પ્રિન્સીપાલ પારૂલ ઉપાધ્યાયે કહ્યું, 'બાળકોએ વૃક્ષો વાવીને પોતે લગાવેલા વૃક્ષનું જતન કરવાના શપથ લીધા.'



**29 & 30 July 2016**






## NAAC PEER TEAM VISITS HACC:

The Peer Team of the National Assessment and Accreditation Council visited HACC for the re-accreditation process of Cycle 3 of the college. The team comprised of Prof. Sunil Gupta, Vice-chancellor, Himachal Pradesh University, Simla, as the Chairman, Prof. Sudheer S.V., Director, Academic Staff College, Thiruvananthapuram, as Member Coordinator, and Dr. Chandrakant Rawal, Principal, Brihan Maharashtra College of Commerce, Pune as Senior Member. The team inspected all the aspects of the college including the facilities, the library, research, feedback, administration office, interaction with students and alumni, and the various achievements and collaborations of the college. The college was accredited with 2.70 CGPA.

# NAAC PEER TEAM VISITS HACC

**29 & 30 July 2016**




















# NAAC PEER TEAM VISITS HACC

**29 & 30 July 2016**






















AHMEDABAD સંદેશ citylife

» THURSDAY, 11 AUGUST 2016

## એચ.એ.કોલેજ ઓફ કોમર્સ ખાતે

# આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી થઇ



અમદાવાદ : સિટીની એચ.એ.કોલેજ ઓફ કોમર્સમાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસના સેલિબ્રેશન માટે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમાજની કાર્યપ્રણાલી અને યોગદાનને બિરદાવવું જોઇએ તે હેતું સાથે આ દિવસને વિશિષ્ટ રીતે સેલિબ્રેટ કરવામાં આવ્યું હતું. જેમાં બ્લડ ડોનેશન કેમ્પમાં ૭૫થી વધુ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું. સાથે કોલેજના પ્રોફેસરો અને સ્ટુડન્ટ્સ દ્વારા સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કર્યું હતું. આ નિમિત્તે કોલેજના પ્રિન્સિપાલ ડો.સંજય વકીલે સ્ટુડન્ટ્સને આ પ્રકારનું ઉમદા કાર્ય કરવા માટે બિરદાવ્યા હતાં. સાથે અભિનંદન પાઠવીને પ્રોત્સાહિત કર્યા હતાં.




**9 August 2016**





## BLOOD DONATION CAMP:

The college NSS Unit conducted a blood donation drive on 9 August 2016. About 75 units of blood were collected from the staff and the students by the Red Cross Society.


cityભાસ્કર AHMEDABAD, THURSDAY, 25/08/2016

# USAના ફેકલ્ટી અમદાવાદી સ્ટુડન્ટ્સના મહેમાન બન્યા

સિટી રિપોર્ટર @ahm_cb

ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ.એ.કોલેજ ઓફ કોમર્સના પૂર્વ વિદ્યાર્થી ચિરાગ પટેલ દ્વારા કોલેજના ત્રણ વિદ્યાર્થીઓને એમ.બી.એ.નો કોર્ષ કરવા અમેરિકાની ન્યુ જર્સી સિટી યુનિવર્સિટીમાં સ્પોન્સરશીપ આપી હતી. એક વિદ્યાર્થીની લગભગ 12 લાખ રૂપિયા ટ્યુશન ફી ચિરાગ પટેલ દ્વારા ચૂકવાશે. આ વિદ્યાર્થીઓને અમેરિકાના વિઝા મળ્યા બાદ ત્યાંની યુનિવર્સિટીના પ્રો.ડૉ.તમારા રૂબરૂ અમદાવાદ આવી કોલેજના ત્રણે વિદ્યાર્થીઓને મળ્યા હતા. આ વિદ્યાર્થીઓને લઈને ડૉ.તમારા બીજી સપ્ટેમ્બરે અમેરિકા જશે. લગભગ આઠ દિવસના પોતાના સ્ટે દરમિયાન તેઓની વિદ્યાર્થીઓના ઘરની મુલાકાત કરશે, આચાર્ય સાથે ભવિષ્યના પ્લાનિંગની ચર્ચા કરશે મેનેજમેન્ટ સાથે પણ વાતચીત કરશે. આ વિદ્યાર્થીઓ અમેરિકાથી અજાણ હોવાથી તેઓ પોતાને સલામત સમજે તથા આત્મવિશ્વાસપૂર્વક ઉચ્ચ અભ્યાસ માટે ન્યુ જર્સી જઈ શકે માટે ડૉ.તમારા અમદાવાદ આવ્યા છે. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંજય વકીલે ડૉ.તમારાનું સ્વાગત કર્યુ હતું.

• ન્યૂ જર્સી સ્ટડી માટે જઈ રહેલાં સ્ટુડન્ટ્સ ફોરેન ફેકલ્ટી સાથે.









## HACC HOSTS NJCU REPRESENTATIVE:

The vice-president of international affairs and global initiatives at New Jersey City University, USA, was an official guest of the college from 24 August to 1 September. Ms Tamara Cunningham came to HACC to escort the students selected for the scholarship programme at NJCU on their trip to USA. Ms Cunningham met with the Principal and faculty of the college and went to each of the students' homes during her stay here.

# HACC HOSTS NJCU REPRESENTATIVE

**1 September 2016**

dna dnaindia.com
ATURDAY 03/09/2016

## US varsity comforts parents as city students fly out

*An NJCU delegate was in city to interact with their families*

dna correspondent



Tamara Cunningham with the students

Ahmedabad: When three students of HA College of Commerce flew to the United States for a 5-year MBA course at New Jersey City University (NJCU), they did not have to think about reassuring their parents. For the task had been taken over by the university itself. A delegate from NJCU came to the city and addressed their concerns about the well being of the students in the US.

Tamara Cunningham, assistant vice-president for Global Initiatives, NJCU, said, "This is the first time that the university has taken such an initiative. I assured the parents that their family values and culture would remain intact in the US." All the three students are 21 years old.

"I have never witnessed such care here. It feels great that they are taking so much interest in us. We had a puja at home as I described more about the Indian culture," said Bhavya Patel, one of the students.



સંદેશ citylife

## H.A કોલેજના સ્ટુડન્ટ્સ અમેરિકા ઉચ્ચ અભ્યાસ માટે જશે



અમદાવાદ : ૩૦ ઓગસ્ટ ૨૦૧૬

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ કોલેજ ઓફ કોમર્સના એલ્યુમની સ્ટુડન્ટ દ્વારા કોલેજના ત્રણ સ્ટુડન્ટ્સ એમ.બી.એનો કોર્ષ કરવા અમેરિકાની ન્યૂજર્સી સિટી યુનિવર્સિટીમાં સ્પોન્સરશિપ કરી હતી. એક સ્ટુડન્ટ્સની ૧૨ લાખ રૂપિયાની ટ્યૂશન ફી ચિરાગ પટેલ દ્વારા ચૂકવાશે. આ સ્ટુડન્ટ્સને અમેરિકાના વિઝા મળ્યા બાદ ત્યાંની યુનિવર્સિટીના પ્રો.ડૉ. તમારા રૂબરૂ અમદાવાદ આવી કોલેજના ત્રણે સ્ટુડન્ટ્સને મળ્યા હતા. વિદ્યાર્થીઓને લઈને ડૉ. તમારા ૨જી સપ્ટેમ્બરે અમેરિકા જશે. પ્રિ. ડૉ સંજય વકીલે ડૉ. તમારાનું સ્વાગત કર્યું હતું તથા અંગત રસ લેવા બદલ સંસ્થાવતી આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાત સમાચાર plus
Thursday, 25 August 2016

## ત્રણ વિદ્યાર્થીની અમેરિકામાં અભ્યાસ માટે પસંદગી



ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સના પૂર્વ વિદ્યાર્થી ચિરાગ પટેલ દ્વારા કોલેજના ત્રણ વિદ્યાર્થીઓને એમ.બી.એ.નો કોર્ષ કરવા અમેરીકાની ન્યુજર્સી સિટી યુનિવર્સિટીમાં સ્પોન્સરશીપ કરી હતી. જે અંતર્ગત ત્યાંની યુનિવર્સિટીના પ્રો.ડૉ.તમારા રૂબરૂ અમદાવાદ આવી કોલેજના ત્રણે વિદ્યાર્થીઓને મળ્યા હતા. હવે આ વિદ્યાર્થીઓને લઈને ડૉ.તમારા ૨જી સપ્ટેમ્બરે અમેરિકા જશે.



**2 September 2016**







## TEACHER'S DAY CELEBRATION:

The college and the students celebrated Teacher's day on 2nd September. The students created a documentary film for the teachers and presented it to the staff members.

28 September 2016





## SLOGAN WRITING COMPETITION:

On the occasion of Teachers day, the Indian Business School organized a slogan-writing competition wherein students wrote slogans about their teachers. 3 students were awarded prizes for the best slogans and were felicitated by Prin. Dr. Sanjay Vakil

**1 October 2016**





## NISWARTH SCHOLARSHIP:

Through the Niswarth Children Foundation, Mr. Chirag Patel, Alumnus of H.A. College of Commerce and Co-CEO & Chairman, Amneal Pharmaceuticals, USA, wished to donate Rs. 5,00,000 for students of HACC who wished to pursue post-graduation anywhere in India. The college then invited applications from the students and conducted interviews with a representative of the management, Dr. Bhalchandra Joshi, Registrar, GLS,Prin. Dr. Sanjay Vakil and the members of the college. The cheques were finally disbursed on 1 October 2016 at the GLS Central Office by Shri Sudhirbhai Nanavati in the presence of Mr. Snehal Parmar.







**27 December 2016**






દિવ્ય ભાસ્કર

**સેમિનાર | પાસપોર્ટ મેળવવા અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો**

અમદાવાદ | ગુજરાત લૉસોસાયટી સંચાલિત એચ.એ.કોલેજ ઓફ કોમર્સ ખાતે ભારત સરકારના પાસપોર્ટ વિભાગના ઉપક્રમે પાસ પોર્ટ મેળવવા અંગેની માહિતી આપવા માટે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાત રાજ્યના પાસપોર્ટ વિભાગના ઓફિસર નિલમ રાનીએ કહ્યું હતું કે, 'કોઈપણ એપોઈમેન્ટ લીધા સિવાય ઓનલાઈન ફોર્મ ભરીને જરૂરી દસ્તાવેજો સાથે જો પાસપોર્ટ ઓફિસની મુલાકાત લેશો સત્વરે પાસપોર્ટ મળી રહે તે માટેના પ્રયાસો કરાશે.' આ કાર્યક્રમનો 650 વિદ્યાર્થીએ લાભ લીધો હતો.

## SEMINAR : "HOW TO APPLY FOR A PASSPORT'

The Passport Department of India conducted a seminar in the college for the students to get their passports easily. Smt. Nilam Rani, RPO, gave a lecture to the students. Through this seminar the students learnt how to get their passports easily without any appointment by filing an online form and submitting necessary documents.

28 December 2016



## HACC CULFEST: SIGNATURE DAY

The students celebrated Signature and Autograph Day wherein they shared autographs and wrote their names not only on the shirts and books of their friends, but also on the pages of their memories.

**29 December 2016**






## HACC CULFEST: GROUP DAY AND REFRESHMENT DAY

Students dressed in similar clothes in groups to celebrate group day. The students made and sold refreshment snacks to collect money for social service programmes. These self made food items were assembled and sold by groups of students to the staff and students of the college. From the fund collected, blankets were purchased and donated to the poor people.


PAYTM
KEEP CALM AND BE A FOODIEEE
Price = 20/-
For all items
Go Cashless!!!









**30 December 2016**




## HACC CULFEST: BACK TO SCHOOL DAY:

The college celebrated Back to School Day on 30th December wherein the students dressed themselves in school uniforms and enjoyed remembering their school days.

**31 December 2016**




## HACC CULFEST: TRADITIONAL DAY

This year the college organized Traditional Day as a celebration of India's diverse culture. Students dressed themselves in traditional attire and portrayed the varigated lifestyle of the country.





**6 January 2017**





## TRAFFIC AWARENESS PROGRAMME:

The Traffic Consultative Committee arranged a seminar on traffic awareness in the college. The seminar focused on the importance of rules in creating traffic awareness among the people. A competition on the theme of "Gandhigiri on C.G Road" was held, where the students served as volunteers along with three different colleges. HACC was the winner of this competition and the students were awarded with a trophy.

# Traffic Awareness Programme 9,10 & 11 January 2017

BENNETT, COLEMAN & CO LTD
THE ECONOMIC TIMES

## ટ્રાફિક કંટ્રોલ સ્પર્ધામાં HA કોમર્સ કોલેજને ટ્રોફી

**અમદાવાદ:** અમદાવાદ ટ્રાફિક કન્સલટેટિવ કમિટી દ્વારા ટ્રાફિક સમસ્યા અને જાગૃતિ માટે અમદાવાદ યુનિ., સેન્ટ ઝેવિયર્સ કોલેજ, એચ.એચ. કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચે ટ્રાફિક કંટ્રોલ કરવા માટેની સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં એચ.એ.કોલેજ ઓફ કોમર્સના વિદ્યાર્થીઓને સારી રીતે ટ્રાફિક કંટ્રોલ કરવા બદલ ચેમ્પિયન ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોલીસને ટ્રાફિક નિયંત્રણમાં મદદ કરવાની હતી.

ગુજરાત સમાચાર plus
CITY TALKS | BOLLYWOOD | EVENTS | FASHION | MOVIES | NEWS | FOOD | FUNDA | GADGET | CULTURE
Thursday, 19 January 2017
For more News Click » www.gujaratsamachar.com

## એચ.એ. કોલેજ ટ્રાફિક કંટ્રોલ સ્પર્ધામાં વિજેતા જાહેર થઈ

અમદાવાદની એક એનજીઓ અમદાવાદ ટ્રાફીક કન્સલટેટીવ કમિટિ દ્વારા શહેરની કોલેજો વચ્ચે ટ્રાફીક કંટ્રોલ કઈ રીતે કરી શકાય તે માટે કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ યુનિવર્સીટી, સેન્ટ ઝેવીયર્સ તથા એચ.એ કોલેજના સ્ટુડન્ટ્સે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ ચાર રસ્તા પર ઉભા રહી ટ્રાફીક કંટ્રોલ કરવામાં મદદ કરવાની હતી. જેમાં એચ.એ કોલેજના વિદ્યાર્થીઓનો વિજય થયો હતો.

city ભાસ્કર
AHMEDABAD
WEDNESDAY, 11.01.2017

## ટ્રાફિક અવેરનેસ માટે ગાંધીગીરી



સિટી રિપોર્ટર @ahm_cb

આ ટ્રાફિક વિકનું સેલિબ્રેશન હતું. જેમાં સીજી રોડ પર 'ગાંધીગીરી ઓન સીજી રોડ' ટાઈટલ ઉપર ત્રણ કોલેજના સ્ટુડન્ટસ સેલિબ્રેશનમાં જોડાયા હતાં. તેમાં એચ.એ. કોલેજ ઓફ કોમર્સ, સેન્ટ ઝેવિયર્સ કોલેજ અને અમદાવાદ યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સનો સમાવેશ થયો હતો. સોમવારે સવારે આ સ્ટુડન્ટ્સે અત્યંત વિવેક પૂર્વક ટ્રાફિકની અવેરનેસ ફેલાવી હતી. જે શહેરીજનો ટ્રાફિક રૂલ્સ તોડતાં હતાં તેમને પ્રેમથી સમજાવવાનો આ એક પ્રયાસ હતો.

# Spreading Awareness of Traffic Rules

**9th ,10th ,11th January 2017**



12th January 2017




citylife

**નેશનલ યૂથ ડે નિમિત્તે એચ. એ. કોલેજમાં વ્યાખ્યાન યોજાયુ**

અમદાવાદ : એચ. એ. કોલેજ ઓફ કોમર્સ ખાતે સ્વામી વિવેકાનંદની જન્મજયંતી : નેશનલ યૂથ ડે નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોફેસર ડૉ. અશ્વિન આનદાનીએ સ્ટુડન્ટ્સને વિવેકાનંદની



જન્મજયંતી તથા યૂથ ડે વિશે જણાવ્યું કે, 'આજના યુવાન દિશાવિહીન છે, તથા પોતાનો સમય કોઈને કોઈ રીતે વેડફી રહ્યો છે, જેનાથી માત્ર યુવાનોને જ નહિ પરંતુ દેશના યુવાધનને નુકસાન થઈ રહ્યુ છે. આજે ભારતમાં ૬૫ ટકા વસ્તી યુવાનોની છે, આથી વિશ્વમાં સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ ભારત છે, છતાં પણ આજે આપણે વિકસિત દેશમાં નથી આવતા.' ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંજય વકીલે જણાવ્યું કે, 'જ્યાં સુધી આજનો યુવાન પોતાનું લક્ષ્ય નક્કી નહીં કરે ત્યાં સુધી તે કશું પ્રાપ્ત કરી શકતો નથી. જો મહેનતની સાથે આત્મવિશ્વાસ સાથે જો આપણે લક્ષ્ય નક્કી કરીએ તો ચોક્કસ સફળતા મળશે. કાર્યક્રમના અંતે સ્ટુડન્ટ્સે પોતાની મુશ્કેલી વિશે પ્રશ્નોત્તરી કરી હતી.'

ગુજરાત સમાચાર plus

Friday, 13 January 2017

**સ્વામી વિવેકાનંદ જન્મજયંતીએ વ્યાખ્યાન યોજાયું**

એચ.એ.કોલેજ ઓફ કોમર્સના સ્ટડી સર્કલના નેજા હેઠળ સ્વામી વિવેકાનંદના જન્મદિન નિમિતે વ્યાખ્યાન યોજાયું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે પ્રેરણાદાયક પ્રવચન આપતા ડો.અશ્વિન આનદાની ઉપસ્થિત રહ્યા હતા.




## CELEBRATION OF SWAMI VIVEKANAND JAYANTI

HACC organized a guest lecture by Dr. Yogesh Vyas, Associate Professor, Godhra, on Swami Vivekananda to mark the occasion of his birth anniversary on 12 January.

**17th January 2017**









city ભાસ્કર
AHMEDABAD

# એચ. એ. કોલેજમાં ડિજિટલ ઇન્ડિયા પર વર્કશોપ યોજાયો

આ વર્કશોપમાં ભારત સરકારના પ્રતિનિધિ રાજેશભાઈ મેશ્રામ હાજર રહ્યા હતાં

સિટી રિપોર્ટર @ahm_cb

એચ.એ. કોલેજ ઓફ કોમર્સ ખાતે ડિજિટલ ઇન્ડિયા વિષય પર વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં ભારત સરકારના પ્રતિનિધિ રાજેશભાઈ મેશ્રામ તથા તેમની ટીમ હાજર રહીને મોબાઈલમાં ઉપલબ્ધ વિવિધ એપ્લીકેશન્સ કેવી રીતે ડાઉનલોડ કરવી તથા તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજણ આપી હતી. મોબાઈલમાંથી પેમેન્ટ કેવી રીતે કરવું, પૈસા ટ્રાન્સફર કેવી રીતે કરવા તથા ઓનલાઈન બિલો કેવી રીતે ચુકવવા તેનું ડેમોન્સ્ટ્રેશન કરી જરૂરી માહિતી આપી હતી. કોલેજના આચાર્ય ડો. સંજય વકીલે ઓનલાઈન પેમેન્ટ તથા તેનો ઉપયોગ સલામતીથી કેવી રીતે ઉપયોગ કરવો તેની વાત કરી હતી.



AHMEDABAD સંદેશ city life
» THURSDAY, 19 01 2017 www.sandesh.com

# H.A કોલેજમાં ડિજિટલ ઇન્ડિયા વર્કશોપ યોજાયો

## GUEST LECTURE: DIGITAL INDIA

A seminar on Digital India was organized. Representative of the Central Government, Mr. Rajesh Meshram and his team were the experts at this seminar. The seminar focused on the making India Digital and Cashless.

# 17th January 2017

નવગુજરાત સમય
નવગુજરાત સમય | અમદાવાદ | સોમવાર | ૨૩ જાન્યુઆરી, ૨૦૧૭

## એચ.એ.કોલેજમાં ડિજિટલ ઇન્ડિયાનો વર્કશોપ યોજાયો




અમદાવાદ: એચ.એ. કોલેજ ઓફ કોમર્સના સ્ટડી સર્કલના નેજા હેઠળ ડિજિટલ ઈન્ડિયાનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. ભારત સરકારના પ્રતિનિધિ તરીકે રાજેશભાઈ મેશ્રામ તથા તેમની ટીમ હાજર રહીને મોબાઈલમાં ઉપલબ્ધ વિવિધ એપ્લીકેશન્સ કેવી રીતે ડાઉનલોડ કરવી તથા તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજણ આપી હતી. કોલેજના આચાર્ય ડૉ. સંજય વકીલે ઓનલાઈન પેમેન્ટ તથા તેનો ઉપયોગ સલામતીથી કેવી રીતે કરવો તેની વાત કરી હતી.










ગુજરાત સમાચાર plus
Wednesday,
18 January 2017

## ડિજિટલ ઈન્ડિયા ફેક એપ્લિકેશન અને સાઈબર ક્રાઈમ વધી શકે છે



SATURDAY 21 01 2017 | city life

## વૈદિક ગણિતથી યાદશક્તિ અને નોલેજમાં વધારો થાય છે

**એચ.એ.કોલેજમાં સ્ટુડન્ટ્સનો સેલ્ફકોન્ફિડન્સ અને યાદશક્તિ કેવી રીતે વધે તેના પર સેમિનાર યોજાયો**





**19th January 2017**

city ભાસ્કર | AHMEDABAD, SATURDAY, 21/01/2017

## સ્ટુડન્ટ્સમાં સેલ્ફ કોન્ફિડન્સ વધારવા સેમિનાર યોજાયો



## GUEST LECTURE: MIND POWER THROUGH VEDIC MATHEMATICS

The college along with United Edupreneur an NGO of Ahmedabad arranged a talk on increasing mind power. Dr. Pinank Jadav was the expert who emphasized on the methods of increasing mind power and the need of it in creating a brighter society.

**26th January 2017**















અમદાવાદ : ૬૮માં રિપબ્લિક ડે અંતર્ગત દેશભરમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો દ્વારા આ ઐતિહાસિક દિવસનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. એચ.એ. કોલેજ ઓફ કોમર્સ દ્વારા રિપબ્લિક ડેની ઉજવણીનાં ભાગરૂપે જી.એલ.એસ.નાં કોઓર્ડિનેટર વાડીભાઈ પટેલે દેશની આઝાદીમાં જે મહાનુંભાવોએ સિંહફાળો આપ્યો હતો તથા શહીદ સ્વાતંત્ર્યસેનાનીઓ વિશે વાત કરી હતી. કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. સંજય વકિલે ભારતના બંધારણનાં ઘડવૈયાઓને મધ્યમાં રાખીને દેશની જુદી જુદી સંસ્કૃતિઓને ધ્યાનમાં રાખી વિવિધતામાં એકતાનાં દર્શન આપણા બંધારણમાં થાય છે તેની વાત કરી હતી.

## REPUBLIC DAY CELEBRATION

The college celebrated republic day together with the other institutions of GLS. The staff and the students of the college dressed in white and venerated the national flag.

1st February 2017



AHMEDABAD સંદેશ city life

» FRIDAY, 3 02 2017

# એચ.એ. કોલેજમા 'આજના સમયમાં ગાંધી વિચારોની યથાર્થતા' પર વ્યાખ્યાન યોજાયું

અમદાવાદ : સિટીની એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં ચાલી રહેલ સ્ટડી સર્કલમાં 'આજના સમયમાં ગાંધી વિચારોની યથાર્થતા' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમા જાણીતા એડવોકેટ અશોક દામાણી મુખ્ય વક્તા હતા જેમણે જણાવ્યુ હતું કે 'ગાંધીજીએ આપેલા મૂલ્યો જેવા કે સત્ય, ધર્મ, શાંતી, પ્રેમ, અહિંસા વગેરેનું જતન આજની પેઢીએ કરવું જોઈએ. વિશ્વની એવી કોઈ સમસ્યા નથી કે જેનું નિરાકરણ ગાંધી વિચારોમાં ના હોય. ગાંધીજીની વાણી તેમજ વિચારો સરખા હતા. સદ્ભાવનાથી જ વિશ્વમાં શાંતિ જળવાય છે તથા જીવનમાં જરૂરિયાતો જેટલી ઓછી રાખશો તેટલુ સુખ વધારે પ્રાપ્ત થાય છે.' આ પ્રસંગે કોલેજનાં પ્રિન્સિપાલ ડો. સંજય વકીલે જણાવ્યુ હતું કે 'ગાંધીજીની સાદગી તથા નીતિ નિયમોવાળુ જીવન પ્રેરણાદાયક છે. મારું જીવન એજ મારો સંદેશ છે. ગાંધીજીનાં મજબૂત મનોબળ તથા આત્મવિશ્વાસથી ભારતને આઝાદી મળી હતી.' આ કાર્યક્રમમાં કોલેજનાં સ્ટુડન્ટ્સ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.







## GUEST LECTURE: THE IMPACT OF GANDHIAN PRINCIPLES IN TODAY'S ERA

The study circle of the college arranged a talk where Shri Ashok Damani , a well known advocate was invited to address the students. The talk emphasized on the life he lived and the principles he preached; the Sarvodaya Movement which made a sincere and bold attempt to create the necessary atmosphere and bring together individuals with an unwavering faith in the welfare.



AHMEDABAD સંદેશ city life



એચ.એ. કોલેજમાં U.P.S.Cની ટ્રેનિંગનો વર્કશોપ યોજાયો

2 February 2017







## WORKSHOP : TRAINING  FOR UPSC EXAMINATION

A workshop was arranged for the students wishing to pursue I.A.S and I.P.S by Nirman Academy on 2nd February. The workshop demonstrated on different skills required for the best performance at these exams.

**14th February 2017**







## TRIPARTITE MEETING

The tripartite meeting between H.A. College of Commerce, New Jersey City University and Mr. Chirag Patel, Benefactor of the Patel Scholars Programme, took place on the 14th of February 2017 at the Gujarat Law Society premises. Following a breakfast at the GLS University Cafeteria, the dignitaries conducted a meeting at the H.A. College Principal's chamber. At this meeting, it was decided to start the proceedings for the next cohort of five students for the Patel Scholars Programme. Mr. Chirag Patel and Mrs. Priti Patel also promised to pay for the ten Niswarth Scholarship recipients of 2016-17 for their next academic year, 2017-18. After this meeting, the dignitaries were taken to a felicitation programme held at the college assembly hall wherein they addressed the students. This concluded the tripartite meeting on a positive note.

# TRIPARTITE MEETING







THE TIMES OF INDIA

Giving back to his alma mater

GLOBAL GUJARATIS

ROOTS & WINGS













city ભાસ્કર
AHMEDABAD
WEDNESDAY, 22.02.2017

# 21st February 2017



## ગુજરાતી સાહિત્યના પ્રોફેસર રમેશ વેગડાએ કહ્યું કે 'માતૃભાષા જીવંત હશે તો જ આપણી સંસ્કૃતિ જીવંત રહેશે'

સિટી રિપોર્ટર @ahm_cb



કોલેજના સ્ટુડન્ટ્સ અને વક્તા

ગઈકાલે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી શહેરમાં વિવિધ કાર્યક્રમો યોજીને કરવામાં આવી હતી. લૉ ગાર્ડન પાસે આવેલી એચ.એ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓ અને એચ.એ કૉલેજના પ્રિન્સિપાલ સંજય વકિલ દ્વારા કૉલેજીયન યંગસ્ટર્સમાં માતૃભાષા પ્રત્યેનું માન-સન્માન કેળવાય તે માટે લેક્ચર અને પુસ્તક પ્રદર્શન દ્વારા માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે વક્તા તરીકે આવેલા પ્રોફેસર રમેશ વેગડાએ કહ્યું કે, 'કે હાલની 21મી સદીમાં વિશ્વની ઘણી ભાષા જાણવી જરૂરી છે પરંતુ દરેક વ્યક્તિએ પોતાની માતૃભાષાનું જતન તથા તેનો પ્રચાર કરવો જોઈએ જેથી આપણી સંસ્કૃતિનું જતન થઈ શકે. ભાષા જીવંત હશે તો જ આપણી સંસ્કૃતિ પણ જીવંત રહેશે'.

આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ સંજય વકિલે કહ્યું કે 'વ્યક્તિ પોતાના વિચારો માતૃભાષામાં શ્રેષ્ઠ રીતે રજુ કરી શકે છે તથા આત્મવિશ્વાસથી પોતાની રજૂઆત કરી શકે છે જેમાં અવાજમાં રણકો હોય છે, મૌલિકતા હોય છે, વિવિધતા હોય છે તથા રસદાયક વાણી હોય છે. માતૃભાષાના સંવર્ધનથી આત્મીયતા કેળવાય છે જેનાથી તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય છે.'

## શિક્ષણ | HA કોલેજમાં માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ

અમદાવાદ | એલિસબ્રિજ વિસ્તારની એચ.એ.કોમર્સ કોલેજમાં મંગળવારે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ સાહિત્યકારોના પુસ્તકોના પ્રદર્શનનું આયોજન કરાયું હતું. ગુજરાતી સાહિત્યના નિષ્ણાત રમેશ વેગડાએ જણાવ્યું હતું કે, 'હાલમાં વિશ્વમાં 21મી સદીમાં વિવિધ ભાષાઓ જાણવી જરૂરી છે, પરંતુ દરેક વ્યક્તિએ પોતાની માતૃભાષાનુ જતન કરવું જોઈએ. ઉપરાંત માતૃભાષાનો પ્રચાર-પ્રસાર પણ કરવો જોઈએ.'

ગુજરાત સમાચાર plus
WEDNESDAY, 22 FEBRUARY 2017

## એચ.એ.કોલેજમાં માતૃભાષા દિનની ઉજવણી થઈ

એચ.એ.કોલેજ ઓફ કોમર્સમાં આજે ૨૧મી ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે પ્રસિધ્ધ સાહિત્યકારોના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તજજ્ઞ ડો.રમેશ વેગડા મુખ્ય વક્તા તરીકે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.



## CELEBRATION OF MATRUBHASHA DIVAS

The college celebrated 21st February as World Matrubhasha Diwas where Dr. Ramesh Veghda was invited as the key note speaker. The talk focused on the importance of mother language to promote dissemination of mother tongues and spread awareness of linguistic and cultural traditions throughout the world.







**23rd February 2017**






## ELOCUTION COMPETITION

H.A College of Commerce held an elocution competition to mark GLS foundation Day celebrations. This has been a tradition for the last 38 years. The theme of this years competition was, ‘Knowledge without wisdom is destructive’. Students from around 17 colleges participated in the event. A student from L&C Mehta Arts College won the competition.

city ભાસ્કર

AHMEDABAD

SUNDAY, 26.02.2017

**27th February 2017**


સિટી ઇવેન્ટ્સ

'સ્વચ્છતા અભિયાન' અંગેનો વર્કશોપ

એચ.એ. કોલેજ ઓફ કોમર્સના એનએસએસ વિભાગ દ્વારા સ્વચ્છતા અભિયાન સંદર્ભે વર્કશોપ યોજવામાં આવ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ કોલેજના વિદ્યાર્થીઓને આરોગ્ય અને સ્વચ્છતા વિશે માહિતી આપી હતી તથા સ્વચ્છતા સંબંધી મોબાઇલમાં એપ્લીકેશન ડાઉનલોડ કરાવવામાં આવી હતી.





## SWACHHATTA APP INSTALLATION PROGRAMME

The college celebrated Swachhatta App installation session on 25th February 2017 where Dr. Payal Shah, head of Ahmedabad Municipal Corporation, appealed to the students to rate the city's cleanliness on a smart phone application that is designed by the Centre. Through this app, citizens can give their opinions regarding the work undertaken through the Swachh Bharat Abhiyan and can lodge complaints on improper waste collection in any locality.

**16th March 2017**



city life

FRIDAY
17 03 2017

# એચ.એમાં સિવિલ ડિફેન્સ પરના વર્કશોપનો પ્રારંભ



city ભાસ્કર

# સ્ટુડન્ટ્સે સિવિલ ડિફેન્સની તાલિમ મેળવી

## એચ. એ. કોમર્સના 300 સ્ટુડન્ટ્સે 6 દિવસીય વર્કશોપમાં ભાગ લીધો



# કોલેજમાં સિવિલ ડિફેન્સ પર વર્કશોપ

ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ.એ.કોલેજ ઓફ કોમર્સનાં શારિરીક શિક્ષણ વિભાગ દ્વારા છ દિવસિય સિવિલ ડિફેન્સની ટ્રેનિંગનો વર્કશોપ શરૂ થયો છે. આ વર્કશોપમાં 300થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લઇ રહ્યા છે.




## TRAINING PROGRAMME ON CIVIL DEFENCE:

The college organized a civil defense workshop for 6 days where more than 300 students participated actively. Lectures and practical sessions were conducted by qualified instructors where all non-technical and physical training were taught. On the last day of the workshop written as well as practical test was also conducted.




AHMEDABAD સંદેશ citylife

» WEDNESDAY, 22 03 2017 www.sandesh.com

**20th March 2017**



## એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં સ્ટેટ લેવલનો G.S.T. સેમિનાર યોજાયો

city ભાસ્કર

AHMEDABAD TUESDAY, 21.03.201



## સ્ટુડન્ટ્સ GST અંગે માહિતગાર થયા

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ.કોલેજ ઓફ કોમર્સમાં ભારત સરકારના સેન્ટ્રલ એકસાઈઝ ડિપાર્ટમેન્ટ દ્વારા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (G.S.T.) સંદર્ભનો રાજ્ય કક્ષાનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના આચાર્ય ડૉ. સંજય વકીલે કહ્યું કે, 'જીએસટી વિશે જાગૃતતા કેળવવા તથા તેનો પ્રચાર વધુને વધુ થવો જોઈએ જેથી સમાજના સામાન્ય માણસને પણ તેની માહિતી મળી શકે. કોલેજના લગભગ 250થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તથા વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી સમસ્યાનું સમાધાન પણ મેળવ્યું હતું. આ ઉપરાંત સેન્ટ્રલ એકસાઈઝના જોઈન્ટ કમિશનર કુ.કે.પદ્માવતીએ પણ વક્તવ્ય આપ્યું હતું.




## SEMINAR: GOODS AND SERVICE TAX

The Central excise department conducted a talk on Goods & Service Tax where the Central excise Joint Commissioner Smt. Padmavati and Superintendent Mr. O.R Jaitley explained the features of the newly imposed Goods & Service Tax and its applicability. The seminar was very interactive and well received by the students .

27th March 2017



## JOB PLACEMENT: NUMERO UNO CONSULTANCY

More than 60 students registered themselves for the Placements held by Numero UNO Consultancy. The short listed students were then called for interviews.

**30th March 2017**






## JOB PLACEMENT: QX Pvt. Ltd.

QX Pvt. Ltd. Visited HACC for the recruitment of Semester-6 students. The authorities also made a presentation to introduce QX Ltd. to the students. The presentation was followed by interviews and the short listed candidates were offered job letters.